## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "મહિલા કિસાન દિવસ" ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા તા. ૧૫.૧૦.૨૦૧૯, મંગળવારના રોજ સોજીત્રા તાલુકાના ગાડા ગામ ખાતે "મહિલા કિસાન દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૩૧ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પાક સંરક્ષણ વૈજ્ઞાનિક શ્રી ડો. આર. એમ. પટેલ દ્વારા પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝ દ્વારા પરિવારની આવક વધારવામાં આગવા પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ શ્રીમતી એ. એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃ.વિ.) કેવિકે, દેવાતજ એ મહિલાઓને કિચન/ ન્યુટ્રીશનલ ગાર્ડન થકી શારિરીક તંદુરસ્તી જાળવવા તેમજ ખોરાકમાંથી મળતા પોષક તત્વો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. ત્યારબાદ ઇન્ચાર્જ વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. એસ. બી. કાટોલે દ્વારા પશુપાલન થકી મહિલા સશક્તિકરણ વિષય પરત્વે માર્ગદર્શન આપ્યું તેમજ તેઓએ દુધમાં મુલ્યવર્ધન કરી બમણી આવક મેળવવાનું સૂચન કર્યુ. કાર્યક્રમના અંતે ડો. આર. એમ. પટેલ દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી.

# “મહિલા કિસાન દિવસ” ની ઝાંખીઓ







